ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૯૬ | ૮ જાન્યુઆરી, ૨૦૧૫, ગુરૂવાર ; પોષ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

આજે પ્રવાસી ભારતીય દિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૭

૧૩મા પ્રવાસી ભારતીય દિનની ઉજવણીમાં ભારતના પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદી હાજરી આપવા ગાંધીનગર આવી ગયા છે. તેઓ આવતીકાલ ૮મી જાન્યુઆરીએ સવારે ગાંધી કુટિરનું ઉદ્‌ઘાટન કરી મેઈન પ્રવાસી ભારતીય દિવસને ખુલ્લો મુકશે. આ પ્રસંગે મોદી કેબિનેટના પ્રમુખ કેબિનેટ મંત્રીઓ, વિવિધ રાજ્યોના ચીફ મિનિસ્ટર્સ, વિદેશના ચાર હજારથી વધારે બિન નિવાસી ભારતીયો તેમજ અનેક ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહેશે.

પ્રવાસી ભારતીય દિનની ત્રણ દિવસની ઉજવણીમાં પહેલા દિવસે યુવાનો માટેનો કાર્યક્રમ કેન્દ્રીય વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે ખુલ્લો મુક્યો હતો. ૮મી જાન્યુઆરીએ ચીફ ગેસ્ટ પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં સોલ્ટ માઉન્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે. ત્યારબાદ મહાત્મા મંદિરના મુખ્ય કન્વેન્શન હોલમાં કાર્યક્રમ યોજવામાં આવશે. સવારે ૧૦.૩૦ કલાકે સુષ્મા સ્વરાજ વેલકમ એડ્રેસ કરશે.

આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, ગેસ્ટ ઓફ ઓનર એવા સાઉથ આફ્રિકાના માઈટ નકોઅના, રિપબ્લિક ઓફ ગ્યાનાના પ્રેસિડેન્ટ ડોનાલ્ડ રામોતાર ઉપસ્થિત રહીને સંબોધન કરશે. મુખ્ય સ્ટેજ ઉપર કેન્દ્ર સરકારના સિનિયર મંત્રીઓ ઉપસ્થિત રહેશે.

મુખ્ય કાર્યક્રમ પછી આ હોલમાં ઓપર્ચ્યુનિટીઝ ઈન ઈન્ડિયા, એડવેન્ચર્સ ઓફ ઈન્ડિયન ડાયસ્પોરા, સોફ્ટ પાવર ઈન ઈન્ડિયાઝ ગ્લોબલ એન્ગેજમેન્ટ, રિલેવન્સ ઓફ ગાંધીયન ફિલોસોફી ઓવર ધ કન્ટ્રી એમ કુલ ચાર સેમિનાર થશે જેમાં વિવિધ વિષયોને લગતા વક્તવ્યો અને પ્રશ્નોત્તરીના કાર્યક્રમો યોજાશે. જેમાં કેન્દ્ર અને રાજ્યના મંત્રીઓ તેમજ ઓફિસરો અને નિમંત્રિતો ભાગ લેશે.

પ્રવાસી ભારતીય દિવસનું સમાપન ૯મી જાન્યુઆરીએ ભારતના ઉપરાષ્ટ્રપતિના મુખ્ય મહેમાનપદે રાખવામાં આવ્યું છે. છેલ્લા દિવસે પણ છ જેટલા સેમિનાર થવાના છે અને તેમાં વિવિધ વિષયોને અનુરૂપ વક્તવ્યો અપાશે.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું બુધવારે મોડી સાંજે અમદાવાદમાં આગમન થયું ત્યારે અમદાવાદના એરપોર્ટ ઉપર તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. તેઓ ગુરૂવારે મહાત્મા મંદિરમાં બપોરના બે વાગ્યા સુધી રોકાવાના છે અને પછી નવી દિલ્હી પરત ફરશે. તેઓ ફરીથી ૧૦મી જાન્યુઆરીએ મોડી સાંજે પાછા ગાંધીનગર આવવાના છે અને ૧૧મી જાન્યુઆરીએ શરૂ થનારા ગુજરાત વાઈબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે.

આજે દાંડીકુટિરનું લોકાર્પણ

દાંડીકુટિરમાં મોહનથી મહાત્મા સુધીનુ અદ્‌ભૂત મ્યુઝિયમ પણ પ્રધાનમંત્રી ખુલ્લુ મુકશે : ૧૫૦ કરોડથી વધુનો ખર્ચ આ દાંડીકુટિરના નિર્માણ પાછળ થયો છે

ગાંધીનગર, તા. ૭

મહાત્મા મંદિર નજીક આકાર પામેલ દાંડીકુટિર (સોલ્ટ માઉન્ટ)નું આજે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે.

એક વર્ષના ટુંકા ગાળામાં જ નિર્માણ પામેલ આ દાંડીકુટિર ૧૩૫ ફૂટની હાઈટ ધરાવે છે. આ કુટિરના નીચેના ભાગમાં મહાત્મા ગાંધીના જીવન-કવન તથા આઝાદીની ચળવળને ઉજાગર કરતુ એક બેનમૂન પ્રદર્શન પણ લગાવવામાં આવ્યું છે.

મોહનથી મહાત્મા સુધીની યાત્રા દર્શાવતા આ પ્રદર્શનમાં તમામ આધુનિક તકનીકનો ઉપીયોગ કરવામાં આવ્યો છે એટલુ જ નહિ પણ અહિ પ્રદર્શનમાં તમને ગાંધીજી જોવા કરતાં માણવા વધુ મળશે તે રીતે આખુ પ્રદર્શન તૈયાર કરાયું છે.

● અનુસંધાન પાન-૭ પર

વડાપ્રધાન ગાંધીનગરમાં થ્રી લેયર સુરક્ષા કવચ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર મહાત્મા મંદિર ખાતેના કાર્યક્રમો અનુસંધાને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ગાંધીનગરમાં આજે બુધવારે મોડી સાંજે આગમન થઈ ગયું છે. વડાપ્રધાનની ઉપસ્થિતિને પગલે શહેરમાં જડબેસલાક પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. તે ઉપરાંત મોદીની સુરક્ષા વ્યવસ્થા માટે થ્રી લેયર સુરક્ષા કવચ રાખવામાં આવ્યું છે.

બુધવારે મોડી સાંજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું આગમન થયા બાદ એરપોર્ટ માં તેમના સ્વાગત માટે રાજ્યના મુખ્યમંત્રી ગયા હતાં. નરેન્દ્ર મોદીનાં રાજભવન ખાતે રાત્રી રોકાણ બાદ સવારે સોલ્ટ માઉન્ટનું ઉદઘાટનનો તેમનો કાર્યક્રમ છે. ત્યારબાદ મહાત્મા મંદિરમાં પ્રવાસી ભારતીય દિવસના કાર્યક્રમમાં નરેન્દ્ર મોદી સંબોધન કરશે. મળતી માહિતી મુજબ ગુરુવારે આ બંને કાર્યક્રમ બાદ બપોરે ૧૨ વાગ્યા બાદ દિલ્હી પરત જવા રવાના થઈ જશે અને ફરી ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટને પગલે ૧૦મી તારીખે આવશે. નરેન્દ્ર મોદીની સલામતી માટે પોલીસ દ્વારા જડબેસલાક બંદોબસ્ત મુકવામાં આવ્યો છે.

તમે મોકલ્યો હતો તેવો જ છુ : નરેન્દ્ર મોદી

અમદાવાદ એરપોર્ટ પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું ભવ્યાતીભવ્ય સ્વાગત

ગાંધીનગર, તા. ૭

તમે મને મોકલ્યો હતો તેવો જ છું...! તેવુ વડાપ્રધાન મંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ આજે ગુજરાત આવી પહોંચેલા પ્રધાનમંત્રીએ સ્વાગત સમારોહમાં બોલતાં જણાવ્યુ હતુ.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આજે સાંજે પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીમાં ભાગ લેવા અમદાવાદ આવી પહોંચતાં તેમનું ભવ્ય સ્વાગત કરાયુ હતુ.

તેમણે વિમાની મથકે ભાજપના કાર્યકરોને ટુંકુ સંબોધન કર્યુ હતુ. પ્રધાનમંત્રી શ્રી સાંજે વિમાન માર્ગે અમદાવાદ આવી પહોંચતાં મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ, મેયર શ્રીમતિ મીનાક્ષીબેન પટેલ સહિત મંત્રીમંડળના સભ્યો અને પ્રદેશના હોદ્દેદારોએ તેમનું ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ હતું.

પ્રધાનમંત્રીશ્રી મોદીએ ટુંકુ સંબોધન કરતાં જણાવ્યું હતું કે 'જ્યાં વસે ગુજરાતી ત્યાં સદાકાળ ગુજરાત...' તેમણે કહ્યું હતું કે આજે વિશ્વમાં ભારતની વાહ...વાહનું ગાન થઈ રહ્યુ છે. તેમણે કહ્યુ કે વિશ્વમાં આજે હિન્દુસ્તાની આંખથી આંખ મિલાવી વાત કરતો થયો છે. દેશના લોકોની આંખમાં વિશ્વાસ અને આશા

● અનુસંધાન પાન-૭ પર

કોંગ્રેસ દ્વારા ૧૦મીએ ગામડા બંધનું એલાન

અમદાવાદ, તા.૭

ખેડુતોને ન્યાય-અધિકારી સાથે પોષણક્ષમ ભાવો મળે અને રાજ્યમાં કથળી ગયે કાયદો અને વ્યવસ્થા પરિસ્થિતલ સામે ૧૦મી જાન્યુઆરી ના રોજ ગુજરાત બંધનુંએલાન જાહેર કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડયાએ જણાવ્યુંહતું કે, ભાજપ શાસનમાં વર્ષ ૨૦૦૧ થી ૨૦૧૧ એમ કુલ ૧૦ વર્ષમાં ખેડુતોની સંખ્યાં ૩.૫૫ લાખનો ઘટાડો થયો અને રાજ્યમાં ૧૬.૭૮ લાખ ખેતમજદુરોની સંખ્યામાં વધારો થયો છે. આ છે ગુજરાત વાયબ્રન્ટ ભાજપ સરકારની સાચી સ્થિતિ. રાજ્યના ખેડુતોને મોંઘુ બિયારણ, ખાતર, મોંઘી વિજળી, સિંચાઈનું પાણી સહિત અનેક સમસ્યાઓ છે. ખેડુતોને ખેતપેદાશના પોષણક્ષમ ભાવો મળતા નથી. રાજ્યમાં ખેડુતો માટે પોષણક્ષમ વળતર મળવુંજ જોઈએ કપાસના ૨૦ કિલોના રૂ. ૧૨૦૦, તથા મગફળીના ૨૦કિલોના રૂપિયા ૧૧૦૦ની ખ્ડુતોના માગણી છે. ખેડુતોએ કપાસ અને મગફળી નાણાંભીડને કારણે વહેંચી દીધી છે તેના માટે ખાસ પેકેજ, શેરડી ઉગાડતા ખેડુતો અને ખાંડકારખાના માટે ખાસ પેકેજ અને ઈન્કમટેક્ષની નોટીસો રદ કરવી, જીરૂ અને ડાંગર ઉગાડતા ખેડુતો માટે ખાસ પેકેજ જાહેર કરવાની માંગણી રાજ્યના ખેડુતો કરી રહ્યા છે. આ ઉપરાંત યુરીપા અને રાસાયણિક ખાતરની અછત દુર કરવાની, ખેત વાજ કનેકશનોની વીજળી રાતના બદલે દિવસના ભાગે ૧૪ કલાક આપવાની માંગણી ઘણા વખતથી ઉભી છે. અર્જુનભાઈ મોઢવાડીયાએ વધુમાં જણાવ્યુંહતુંકે ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી વખતે ભારતીય જનતા પાર્ટીએ તેમના પ્રધાનમંત્રીના ઉમેદવાર અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએદેશની જનતાને અનેક વચનો અને સુત્રો આપીને પ્રજાને ભરમાવીને મત મેળવીને સતા પ્રાપ્ત કરી હતી અચ્છે દિન આયેંગે કોંગ્રેસની સરકાર મટન એકસપોર્ટ ઉપર

● અનુસંધાન પાન-૭ પર

Invest in
BOLLYWOOD
or
MARATHI FILMS
Safe & Cash Returns
Experienced
Team of 20 yrs.
Call : 9821244400
Email :
yogi9821244400@gmail.com

અત્યાધુનિક સોલર વૉટર હીટર !
ફક્ત ₹13990થી શરૂ

આજે જ વસાવી લો
મીલ્સેંટ સોલર વૉટર હીટર !

- મીલ્સેંટની બેસ્ટ કવૉલીટીની ખાતરી
- ૫ વર્ષની વૉરંટી
- ફ્રી ઈન્સ્ટોલેશન

વુડ ફાયર્ડ વૉટર હીટર | ગેસ ફાયર્ડ વૉટર હીટર | ઈન્સ્ટન્ટ ગેસ ગીઝર

ભારતની સૌથી વધુ વેચાતી અત્યાધુનિક મીલ્સેંટ ઘરઘંટી

ફક્ત ₹2125 ભરીને વસાવો*
બાકીના સરળ હપ્તે વગર વ્યાજે

- ગ્રાઈન્ડીંગ ચેમ્બરની લાઈફટાઈમ વૉરંટી
- ઘરઘંટીની 3 વર્ષની રેગ્યુલર વૉરંટી
- બેસ્ટ આફ્ટર સેલ્સ સર્વિસ
- અનેકવિધ આકર્ષક રંગોમાં ઉપલબ્ધ

ફ્રી ડબલ ગિફ્ટ

ફક્ત ₹12990 થી શરૂ
BAJAJ FINSERV LENDING | CAPITAL FIRST

મીલ્સેંટ
60 વર્ષોનો વિશ્વાસ

*શરતો લાગુ. *ઓફર મર્યાદિત શહેરો માટે જ.
ONE-milcent-01-15

ગાંધીનગર	: ચંદન ઈલેક્ટ્રોનિક્સ	: 23225121
ગાંધીનગર	: ઉમિયા ઈલેક્ટ્રોનિક્સ	: 23241511
ગાંધીનગર	: હર્ષ વિઝન	: 23240716
કલોલ	: શ્રી ઈલેક્ટ્રોનિક્સ	: 224420
કલોલ	: શ્રી સ્ટીલ સેન્ટર	: 9925271777
કલોલ	: ધનલક્ષ્મી ગેસ સેલ્સ એન્ડ સર્વિસ	: 9879596047
દહેગામ	: ઉમિયા ઈલેક્ટ્રોનિક્સ	: 230958
ચિલોડા	: સત્‌ગુરૂ ઈલેક્ટ્રોનિક્સ	: 9426273954
સાણંદ	: શ્રી શિવશક્તિ ઈલેક્ટ્રોનિક્સ	: 9974290065
કુડાસણ	: શીવ હોમ એપ્લાયન્સીસ	: 8980933111
કુડાસણ	: માનસી ઈલેક્ટ્રોનિક્સ	: 9824604295
ગોજારીયા	: અંબિકા વૉચ	: 9824127727
ગોજારીયા	: કુમકુમ ઈલેક્ટ્રોનિક્સ	: 9979864421
માણસા	: ગોપી ઈલેક્ટ્રોનિક્સ	: 270774
માણસા	: શ્રી ગણેશ એન્ટરપ્રાઈઝ	: 9879624530
વિરમગામ	: મારૂતી ઈલેક્ટ્રોનિક્સ	: 234593

હે.ઑ. : મીલ્સેંટ, 20, જી.આઈ.ડી.સી., વિઠ્ઠલ ઉદ્યોગનગર, આણંદ. ફોન : 02692-235223, 235323.
Email : info@milcentappliances.com | Website : www.milcentappliances.com